RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુ ડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૬, ◆ અંક: ૨, ◆ સળંગ અંક: ૬૨, ◆ તા.૧૮/૧૨/૨૦૨૧, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવાની તારીખ છે નજીક, વાર્ષિક રિટર્ન ભરવામાં ના આવે તો લાગી શકે છે લેઈટ ફી

## ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને વાર્ષિક રિટર્ન ભરવામાં આપવામાં આવી છે મુક્તિ

તા. ૦૮.૧૨.૨૦૨૧: જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધણી ધરાવતા કરદાતાઓ માટે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું વાર્ષિક રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ છે. કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓએ પોતાનું GSTR 4 વાર્ષિક રિટર્ન ભરેલ હોય તેઓ GSTR 9A ભરવું જરૂરી રહેશે નહીં. આ ઉપરાંત બે કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતા માટે પણ વાર્ષિક રિટર્ન ભરવું મરજિયાત બનાવવામાં આવ્યું છે. આમ, બે કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે જ વાર્ષિક રિટર્ન ભરવું ફરજિયાત રહે છે. પરંતુ નિષ્ણાંતો માની રહ્યા છે કે જે કરદાતાઓએ આગલા વર્ષના એટલેકે નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ ના વર્ષના સુધારા વધારા જે કરદાતાઓએ ૨૦૨૦-૨૧ માં કર્યા હોય કે ૨૦૨૧ ૨૨ માં કોઈ સુધારા પણ જો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં દર્શાવવા જરૂરી હોય તેવા કરદાતાઓએ આ વાર્ષિક રિટર્ન ટર્નઓવર ૨ કરોડ સુધીનું હોય



GST Return Filing

તો પણ ભરી આપવું જરૂરી છે. આમ, પાછલા વર્ષના કે પછીના વર્ષના કોઈ પણ સુધારા વધારા જો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં કરવામાં આવેલ હોય તો જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરી આપવામાં આવે તે હિતાવહ છે.

૩૧ ડિસેમ્બર ૨૦૨૧ બાદ આ વાર્ષિક રિટર્ન ભરવામાં આવશે તો કરદાતા દ્વારા રોજના ૨૦૦ રૂ સુધીની લેઇટ ફી ભરવા પાટા પાત્ર બનશે. બે કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા હોવા છતાં જો ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ બાદ કોઈ કારણોસર તેઓ વાર્ષિક રિટર્ન ભરશે તો તેઓ પણ રોજના રૂ ૨૦૦ ની લેઈટ ફી ભરવા જવાબદાર બનશે. ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ કે જેઓ ૩૧ ડિસેમ્બર સુધી પોતાનું વાર્ષિક રિટર્ન નહીં ભારે તેઓએ આ વાર્ષિક રિટર્ન ભરી આપ્યું છે તેમ માની લેવામાં આવશે તેવી જોગવાઇ જી.એસ.ટી. કાયદામાં કરવામાં આવી છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# સ્ટેટ જી.એસ.ટી.માં કરદાતાઓને પડી રહેલી તકલીફો બાબતે ગુજરાત હાઈકોર્ટમાં રિટ

## કાયદામાં ના હોય તેવી વિગતો માંગવામાં ના આવે તે છે જરૂરી: ગુજરાત હાઈકોર્ટ



તા. ૦૨.૧૨.૨૦૨૧:છેલ્લા ઘણા સમયથી કરદાતાઓએ જી.એસ.ટી. હેઠળ નવો નોંધણી દાખલો મેળવવામાં ખૂબ મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદો ઉઠવા પાણી છે. ખાસ કરીને નોંધણી દાખલા માટેની જે અરજી સ્ટેટ જી.એસ.ટી. પાસે જતી હોય છે તેવી અરજીઓમાં ઘણી વિગતો માંગી નોંધણી દાખલો આપવામાં ખૂબ વધુ સમય લગાડવામાં આવતો હોવા અંગે ફરિયાદો ઉઠવા પામી છે.


આ ફરિયાદોને લઈને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોશીએશન સુરત તથા હાર્દિક જીવરાજભાઈ કાકડિયા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એક રિટ કરવામાં આવેલ છે. આ રિટ પિટિશનમાં સ્ટેટ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તથા જી.એસ.ટી. નેટવર્કને પાર્ટી બનાવવામાં આવ્યા છે. કરદાતાઓને પડી રહેલી મુશ્કેલીઓ તથા કાયદા કે નિયમોમાં જરૂરી ના હોય તેવા પુરાવાઓ માંગવામાં આવી રહેલ હોવાની રજૂઆત આ રિટ પિટિશનમાં ખાસ કરવામાં આવી છે. ૦૧ ડિસેમ્બરે આ કેસના પ્રથમ હિયરિંગમાં કોર્ટ દ્વારા કાયદા કે નિયમો થી વધુ કોઈ વિગતો ના માંગવામાં આવવી જોઈએ તેવો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રિટમાં એવો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કરદાતાઓ નિયમો અનુસાર તમામ વિગતો આપવા બંધાયેલ છે અને તમામ વિધિમાંથી પસાર થવા પણ તૈયાર છે પરંતુ આ વિધિઓની આંટીઘૂટી ઊભી કરી ખોટી હેરાનગતિ થવી જોઈએ નહીં. આ કેસની હવે પછીની સુનાવણી ૦૮ ડિસેમ્બરે થશે જેમાં રાજ્ય જી.એસ.ટી. ને પોતાનો પક્ષ રાખવા જણાવવામાં આવ્યું છે. અરજકર્તા વતી એડવોકેટ તરીકે અવિનાશ પોદ્દાર ઉપસ્થિત થઈ રહ્યા છે.

**(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# GSTR 1 ભરવામાં થયા છે મહત્વના ફેરફાર જે જાણવા છે તમારા માટે ખૂબ જરૂરી!!

## જ્યાં સુધી 'જનરેટ સમરી' દ્વારા તમામ વિગતો 'સેવ' નહીં થાય ત્યાં સુધી નહીં ખૂલે 'સબમિટ'નો વિકલ્પ!! કરદાતાની ભૂલો નિવારવા મહત્વનો સુધારો

તા. ૨૭.૧૧.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ વેચનાર દ્વારા ભરવાના થતાં GSTR 1 તથા ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા માટે માસિક ધોરણે ભરવાના થતાં IFF ફોર્મમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. જી.એસ.ટી. પોર્ટલનું સંચાલન કરતી કંપની જી.એસ.ટી.એન. દ્વારા આ અંગે કરદાતાઓ માટે એક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ માર્ગદર્શિકા અનુસાર GSTR 1ના 'ડેશબોર્ડ'ને હવે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. એક વિભાગમાં ''એડ ઈંવોઈસ'' ને લગતા ટેબલ્સ રહેશે જ્યારે બીજા વિભાગમાં 'એમેંડ ઈંવોઈસ'ને લગતા ટેબલ્સ રહેશે. કરદાતા દ્વારા GSTR 1 માં કે IFF માં જે ઈંવોઈસ ઉમેરવામાં આવતું હોય તે વિભાગ ૧ હેઠળ આવશે જ્યારે અગાઉ ઉમેરવામાં આવેલ ઈંવોઈસમાં કોઈ ફેરફાર કરવાનો થતો હોય ત્યારે કરદાતાએ વિભાબ બે માં 'એમેંડ ઈંવોઈસ'માં




આ સુધારા કરવાના રહેશે.

આ ઉપરાંત કરદાતા માટે વધુ સરળતા લાવવાના હેતુથી તથા કરદાતાની ભૂલો ઓછી કરવાના હેતુથી હવે GSTR 1ના ડેશબોર્ડના વિવિધ 'ટાઇલ' અલગ રંગથી દર્શાવવાની સુવિધા આપવામાં આવી છે. કરદાતા દ્વારા કોઈ ઈંવોઈસ એડ કરવામાં આવ્યું હોય અને આ ઈંવોઈસ એડ કરવામાં કોઈ ક્ષતિ હશે તો જે તે ટાઈલનો રંગ લાલ (રેડ) દર્શાવવામાં આવશે. જ્યારે યોગ્ય હોય તેવા ઈંવોઇસ જ્યારે સેવ કરી આપવામાં આવશે ત્યારે આ ટાઈલનો રંગ લીલો (ગ્રીન) દર્શાવવામાં આવશે. જ્યારે કરદાતા દ્વારા કોઈ ઈંવોઈસની વિગત નાંખવામાં આવેલ હોય અને તે વિગતો હજુ સંપૂર્ણ રીતે અપલોડ ના થઈ હોય (પેન્ડિંગ હોય) ત્યારે જાંબલી રંગ દર્શાવી કરદાતાનું ધ્યાન દોરવામાં આવશે. આમ, અલગ અલગ રંગમાં ટાઇલ થવાથી કરદાતાને કોઈ ક્ષતિ હોય તો તે ક્ષતિ પકડવામાં અને દૂર કરવામાં સહાયતા મળશે.

કરદાતાઓને વધુ સરળતા મળી રહે તે હેતુથી હવે તેઓ પોતાના GSTR 1 કે IFF માં ખરીદનાર પ્રમાણે ઈંવોઈસ જોઈ શકશે. આ ઉપરાંત કરદાતા પોતે GSTR 1 કે IFF માં પાનાં દીઠ કેટલા 'રેકોર્ડ' જોવા ઈચ્છે છે તે પણ પોતાની જરૂરિયાત અને અનુકૂળતા મુજબ પસંદ કરી શકશે. આ વિકલ્પમાં કરદાતાને 'ડિફોલ્ટ' ૧૦ 'રેકોર્ડ્સ' પાનાં દીઠ દર્શાવવામાં આવશે. પરંતુ તેઓ ઈચ્છે તો ૧૦૦ રેકોર્ડ્સ સુધી જોવાનો વિકલ્પ તેઓને મળશે.

એક અતિ મહત્વનો ગણી શકાય તેવા ફેરફાર અંગે વાત કરીએ તો હવે જ્યાં સુધી કરદાતા દ્વારા કોઈ વિગતો ઉમેરવામાં આવી હોય ત્યારે 'જનરેટ સમરી'ના કરવામાં આવી હોય ત્યાં સુધી 'સબમિટ' તથા 'પ્રિવ્યૂ'ના વિકલ્પો 'એક્ટિવ' નહીં રહે. જ્યારે ઉમેરવામાં આવેલ વિગતો 'જનરેટ સમરી' દ્વારા યોગ્ય રીતે 'સેવ' થશે ત્યારે જ આ 'સબમિટ' તથા 'પ્રિવ્યુ'ના 'બટન એક્ટિવ' થશે. આમ થવાથી હાલ કરદાતા દ્વારા થતી GSTR 1 તથા IFF ભરવાની ઘણી ભૂલો રોકી શકવામાં મદદ મળશે. GSTR 1 તથા IFFમાં હજુ બીજા સુધારાઓ ટૂંક સમયમાં કરવામાં આવશે તે અંગે પણ આ માર્ગદર્શિકામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

# ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ-વેસ્ટ ઝોનના (AIFTP-WZ)ના વાઈસ ચેરમેન (ગુજરાત) તરીકે નિયુક્ત થવા બદલ હાર્દિક શુભેચ્છા



**શ્રી કલ્પેશ રૂપારેલીયા**
એડવોકેટ-જૂનાગઢ

**શુભેચ્છક : ભવ્ય ડી. પોપટ (એડિટર, ટેક્ષ ટુ ડે તથા ટીમ ટેક્ષ ટુ ડે)**

# ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ-વેસ્ટ ઝોનના (AIFTP-WZ) નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા



CA મિતિશ મોદી
સુરત
ચેરમેન



એડવોકેટ
અશ્વિન આચાર્ય-મુંબઈ
વાઇસ ચેરમેન, ઝોન



એડવોકેટ
ધર્મેશ ગાંગડવાલા-સુરત
સેક્રેટરી



એડવોકેટ
દિપક અમિન-વડોદરા
ટ્રેઝરર (ખજાનચી)

CA હેમંત પરબ
થાણે, મુંબઈ
વાઇસ ચેરમેન (મહારાષ્ટ્ર)

એડવોકેટ
કલ્પેશ રૂપારેલિયા-જુનાગઢ
વાઇસ ચેરમેન (ગુજરાત)

એડવોકેટ
સચિન ગાંધી-મુંબઈ
જોઈન્ટ સેક્રેટરી (મહારાષ્ટ્ર)

એડવોકેટ
શાંતિલાલ ઠક્કર-ડીસા
જોઈન્ટ સેક્રેટરી (ગુજરાત)

**શુભેચ્છક : ભવ્ય ડી. પોપટ (એડિટર, ટેક્ષ ટુ ડે તથા ટીમ ટેક્ષ ટુ ડે)**

# ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ધ્યાન રાખો આ મહત્વની બાબતો (વેપારીઓ માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગે જાણવા જેવી મહત્વની બાબતો)

## “વન નેશન વન ટેક્સ વન માર્કેટ”ની ટેગ લાઈન સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદામાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં રાખવામા આવી છે અનેક શરતો

### ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વિશેષ લેખ શૃંખલાનો લેખ નંબર-૧




તા.૨૪.૧૧.૨૦૨૧: જી.એસ.ટી. કાયદો લાગુ કરવાનો સૌથી મોટો હેતુ કરદાતાને સિમલેસ ક્રેડિટ મળી રહે તે અંગેનો હતો. અગાઉ માલ ઉત્પાદન ઉપર લગતી એક્સાઈઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છૂટક કે જથ્થાબંધ માલ વેચનાર ને મળતી ન હતી. તેવી રીતે અલગ અલગ રાજ્યોના વેટ કાયદા હેઠળ ક્રોસ ક્રેડિટ એટલેકે એક બીજા રાજ્યો પર લાગેલ વેટની ક્રેડિટ કરદાતાને મળતી નહતી. આ ઉપરાંત વેટ કાયદા હેઠળ માલનું વેચાણ કરતાં કરદાતાને તેના દ્વારા મેળવવામાં આવેલ સેવાની ક્રેડિટ મળતી નહીં તો સામે સેવા પૂરી પડતાં સર્વિસ ટેક્સ હેઠળ નોંધાયેલ કરદાતાને તેની ખરીદી ઉપરના વેટની ક્રેડિટ મળતી ન હતી. માલ ઉત્પાદન પર લગતા એક્સાઈઝ, માલ વેચાણ પર વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરવામાં આવેલ વેટ તથા સેવા ઉપર લાગુ સર્વિસ ટેક્સના સ્થાને એક જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. આમ, આ તમામ કાયદાના સ્થાને જી.એસ.ટી. કાયદો આવવાથી કરદાતાને સિમલેસ ક્રેડિટ એટલેકે કોઈ પણ બાધ વિના ક્રેડિટ મળી રહેશે તેવું માનવમાં આવી રહ્યું હતું. પરંતુ આજે ૪ વર્ષે જ્યારે જી.એસ.ટી.નું આંકલન કરીએ ત્યારે એટલું ચોક્કસ કહી શકીએ કે જી.એસ.ટી હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સિમલેસ રહી નથી.

જી.એસ.ટી. હેઠળ મૂળભૂત હેતુ ધંધાકીય વ્યવહારો ઉપર વધુમાં વધુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળી રહે ત સુનિશ્ચિત કરવાનો હતો. આમ, વધુ માં વધુ ક્રેડિટ જ્યારે વેપાર જગતને આપવામાં આવે ત્યારે વિવિધ માલ તથા સેવાઓના ભાવ ઘટે તેવી સામાન્ય અર્થશાસ્ત્રનું ગણિત હતું. પરંતુ આજે જ્યારે જમીની સ્તરે જોવામાં આવે તો કેવી રીતે કરદાતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર લગામ લગાડવી એ જ જી.એસ.ટી. ડિપાર્ટમેંટનો એક માત્ર હેતુ હોય તેવું ફલિત થાય છે. જી.એસ.ટી. કાયદા તથા નિયમો ઉપરાંત વિવિધ નોટિફિકેશન દ્વારા કરદાતાને પાળવા પાત્ર ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર રોક લગાડવામાં આવી છે. અમુક સંજોગોમાં ઈન્પુટ ટેક્સ કેદીટ ઉપર અમુક નિયંત્રણો તથા શરતો લાગુ કરવામાં આવી છે.

જી.એસ.ટી. લાગુ થયા પહેલા વેટ કાયદો અમલમાં હતો ત્યારે વેટ હેઠળના રિટર્ન ઘણા વિગતવાર રહેતા હતા. જી.એસ.ટી. લાગુ થયા બાદ લાગુ કરવામાં આવેલ સમરી રિટર્ન GSTR 3B માં ખૂબ ઓછી વિગતો જોવા મળે છે. આ કારણે સંજોગો એવા ઊભા થયા છે કે કરદાતાનું વ્યવસાયી રીતે કામ કરતાં કોઈ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે કરદાતા દ્વારા લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સાચી છે કે ખોટી તે તપાસવા ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. કરદાતા દ્વારા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટને દરેક ક્રેડિટ લેવા અંગે પુછવામાં આવે અથવા તો કરદાતા પોતે આ ઈન્પુટ ક્રેડિટ અંગેના નિયમો અંગે જાણકારી રાખે અને જાણકાર બને તે બે જ વિકલ્પ રહેલા છે. આજે આ લેખમાં કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટના વિષયો અંગે જાગૃત બનાવવા તેઓએ ધ્યાને લેવાની જરૂરી માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા નીચેની શરતો પૂર્ણ થવી છે ફરજિયાત**

કોઈ માલ કે સેવા પોતાના ધંધા માટે ખરીદી કરતાં ખરીદનાર વેપારીએ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા નીચેની શરતો પૂર્ણ કરવી ફરજિયાત છે.

- વેપારી પાસે પોતે કરેલ ખરીદીનું ટેક્સ ઈંવોઇસ હોવું જરૂરી છે.
- વેપારી દ્વારા જે ત માલ કે સેવા ખરેખર મેળવવામાં આવેલ છે તે અંગેના પુરાવાઓ હોવા જરૂરી છે.
- વેપારી દ્વારા કરવામાં આવેલ ખરીદી ઉપર વેચનાર દ્વારા ઉઘરાવવામાં આવેલ ટેક્સ વેચનારે સરકારમાં જમા કરાવવો જરૂરી છે.
- ખરીદનાર વેપારીએ જે તે ક્રેડિટ મેળવવા સમયનું રિટર્ન ભરેલું હોવું જોઈએ.

ઉપરોક્ત શરતો પુર્ણ થાય ત્યારે જ કોઈ વેપારી જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા હક્કદાર બને છે. પોતે કરેલ માલ કે સેવા ઉપર લાગેલ ટેક્સ દર્શાવતુ અસલ ઈંવોઇસ એટ્લે કે બિલ કરદાતા પાસે હોય તો જ તે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકે છે. આમ, ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ટેક્સ ઈંવોઇસ એ ચલણી નોટ જેટલું મહત્વ ધરાવે છે તે બાબત વેપારીએ જાણવી ખૂબ જરૂરી છે. જેવી રીતે આપણે ચલણી નોટને સાચવીને રાખીએ છીએ તેવી રીતે વેચનાર દ્વારા આપવામાં આવેલ ટેક્સ ઈંવોઇસને સાચવવામાં આવે તે જરૂરી છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે જે તે માલ કે સેવા વેપારી દ્વારા ખરેખર મેળવવામાં આવેલ છે તે સાબિત કરવાનો બોજો પણ ખરીદનાર વેપારી ઉપર નાંખવામાં આવેલ છે. માલના સંજોગોમાં માલ વહનના પુરાવા જેવા કે લોરી રિસીપ્ટ બીલ્ટ્રી વગેરે પણ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા જાળવવા ખૂબ જરૂરી છે. વેપારીએ જે વેચનાર પાસેથી માલ કે સેવા ખરીદવામાં આવેલ છે તે વેપારીએ તે વ્યવહાર ઉપર ઉઘરાવવામાં આવેલ ટેક્સ સરકારી તિજોરીમાં જમા કરાવેલ છે તે સાબિત કરવાનો બોજો પણ ખરીદનાર વેપારી ઉપર નાંખવામાં આવેલ છે. વેચનાર વેપારીએ ખરીદનાર વેપારી પાસેથી ટેક્સ ઉઘરાવવામાં આવ્યો હોવા છતાં જો વેચનાર વેપારી તે વેરો ભરવામાં કસૂર કરે તો ખરીદનાર વેપારીને પોતાની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ વેરાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો ખરીદનાર વેપારી આવા સંજોગોમાં એક વ્યવહાર ઉપર બે વખત વેરો ભરવા જવાબદાર બને છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા બાબતેની આ શરતના કારણે હાલ ઘણા કેસો વિવિધ હાઈકોર્ટમાં ચાલી રહ્યા છે. ભવિષ્યમાં આ મુદ્દા ઉપર અનેક વડો થાય તેવી શક્યતા રહેલી છે. કરચોરી ડામવા બનાવવામાં આવેલ આ શરત વેપાર જગત માટે ખૂબ મુશ્કેલી ઊભી કરી રહી છે અને ભવિષ્યમાં પણ મોટી મુશ્કેલી ઊભી કરશે તે ચોક્કસ છે. હાલ, વેપાર જગત ખૂબ મોટા પાયા ઉપર કામ કરે છે. અનેકવાર તેવા કિસ્સા જોવા મળે છે જ્યાં ખરીદનાર વેપારી વેચનાર વેપારીને ઓળખતા હોતા નથી. આવા કિસ્સામાં વેચનાર ઉપર ભરોસો રાખ્યા સિવાય વેપાર કરવો શક્ય નથી. આ ભરોસો રાખી કરવામાં આવેલ વ્યવહાર ક્યારેક ખરીદનાર વેપારી માટે ખૂબ મોટી મુશ્કેલી ઊભી કરી આપતો હોય છે. વેચનાર વેપારીને જી.એસ.ટી. હેઠળ નોંધણી આપી જી.એસ.ટી. ઉઘરાવવાની સત્તા જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આપવામાં આવી છે. આવા વેપારી જી.એસ.ટી. ભરવામાં ચૂક કરે તેવા સંજોગોમાં ખરીદનાર વેપારીને દંડ કરવામાં એ ખરેખર અન્યાયી બાબત કહેવાય. પાડાના વાંકે પખાલીને ડામ આપતા આ નિયમોમાં ફેરફાર થાય તે ખૂબ જરૂરી છે. હા, જી.એસ.ટી. ડિપાર્ટમેંટ જ્યાં સાબિત કરી શકે કે સરકારી તિજોરીને નુકસાન કરવાના હેતુથી ખરીદનાર તથા વેચનાર દ્વારા સાથે મળી કોઈ કૌભાંડ આચરવામાં આવ્યું છે તેવા સંજોગોમાં આ શરત લાગુ પડે તે ચોક્કસ જરૂરી છે. પરંતુ સામાન્ય સંજોગોમાં પ્રમાણિક વેપારીઓ ઉપર આ પ્રકારની શરત દૂર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ખરીનાર દ્વારા પોતાનું રિટર્ન GSTR 3B ભરવું જરૂરી છે. જ્યાં સુધી આ GSTR 3B ભરવામાં ના આવે ત્યાં સુધી વેપારીનો ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો હક્ક ઊભો થયો ગણાય નહીં. આમ, ખરીદનાર વેપારીએ પોતાનું રિટર્ન સમયસર ભરવું ખૂબ જરૂરી છે.


ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેના વિશેષ લેખોની શ્રુંખલાનો આજે આ પ્રથમ લેખ છે. આ કટારમાં આવનારા લેખોમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેની સમજૂતી વાચકોને ખાસ કરીને વેપારીઓને સરળ ભાષામાં મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવશે. આ વિષય ઉપર વેપારીઓ જાગૃત બને તે ખૂબ જરૂરી છે.

**(આ લેખ ફૂલછાબ દૈનિકની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૨૨ નવેમ્બર ૨૦૨૧ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# જી.એસ.ટી. હેઠળ આ માલ તથા સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં!!

## સિમ લેસ ક્રેડિટ એટલેકે કોઈ પણ બાધ વગરની ક્રેડિટ મેળવી શકાય તે માટે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. હેઠળ અમુક ખાસ ક્રેડિટને ગણવામાં આવે છે બ્લોક ક્રેડિટ બ્લોક ક્રેડિટ ની યાદીમાં આવતા માલ તથા સેવાની ક્રેડિટ માલ કે સેવા મેળવનાર વેપારી લઈ શકે નહીં. જો આ ક્રેડિટ લેવામાં આવે તો લાગી શકે છે દંડ તથા વ્યાજ!!

### ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વિશેષ લેખ શૃંખલાનો લેખ નંબર-૨




તા. ૩૦.૧૧.૨૦૨૧

જી.એસ.ટી. કાયદો લાગુ કરવાનો સૌથી મોટો હેતુ કરદાતાને સિમલેસ ક્રેડિટ મળી રહે તે અંગેનો હતો. અગાઉ માલ ઉત્પાદન ઉપર લગતી એક્સાઈઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છૂટક કે જથ્થાબંધ માલ વેચનાર ને મળતી ન હતી. તેવી રીતે અલગ અલગ રાજ્યોના વેટ કાયદા હેઠળ ક્રોસ ક્રેડિટ એટલેકે એક બીજા રાજ્યો પર લાગેલ વેટની ક્રેડિટ કરદાતાને મળતી ન હતી. આ ઉપરાંત વેટ કાયદા હેઠળ માલનું વેચાણ કરતાં કરદાતાને તેના દ્વારા મેળવવામાં આવેલ સેવાની ક્રેડિટ મળતી નહીં તો સામે સેવા પૂરી પડતાં સર્વિસ ટેક્સ હેઠળ નોંધાયેલ કરદાતાને તેની ખરીદી ઉપરના વેટની ક્રેડિટ મળતી ન હતી. માલ ઉત્પાદન પર લગતા એક્સાઈઝ, માલ વેચાણ પર વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરવામાં આવેલ વેટ તથા સેવા ઉપર લાગુ સર્વિસ ટેક્સના સ્થાને એક જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. આમ, આ તમામ કાયદાના સ્થાને જી.એસ.ટી. કાયદો આવવાથી કરદાતાને સિમલેસ ક્રેડિટ એટલેકે કોઈ પણ બાધ વિના ક્રેડિટ મળી રહેશે તેવું માનવમાં આવી રહ્યું હતું. પરંતુ આજે ૪ વર્ષે જ્યારે જી.એસ.ટી.નું આંકલન કરીએ ત્યારે એટલું ચોક્કસ કહી શકીએ કે જી.એસ.ટી હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સિમલેસ રહી નથી.

જી.એસ.ટી. હેઠળ મૂળભૂત હેતુ ધંધાકીય વ્યવહારો ઉપર વધુમાં વધુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળી રહે ત સુનિશ્ચિત કરવાનો હતો. આમ, વધુ માં વધુ ક્રેડિટ જ્યારે વેપાર જગતને આપવામાં આવે ત્યારે વિવિધ માલ તથા સેવાઓના ભાવ ઘટે તેવી સામાન્ય અર્થશાસ્ત્રનું ગણિત હતું. પરતું આ સાથે જ જી.એસ.ટી. કાયદો લાગુ થયો છે ત્યારથી અમુક ખાસ ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો સમાવેશ બ્લોક ક્રેડિટ માં કરવામાં આવ્યો છે. બ્લોક ક્રેડિટ એટ્લે એવી ક્રેડિટ જેની ક્રેડિટ કોઈ પણ વેપારીઓ માટે અથવા તો ખાસ પ્રકારના વેપારીઑ માટે બ્લોક કરવામાં આવેલ છે. આ માલ કે સેવાની ઈન્પુટ તકે ક્રેડિટ આ માલ કે સેવા ખરીદવામાં વેપારી દ્વારા વેચનારને જી.એસ.ટી. ચુકાવ્યો હોવા છતાં મળી શકે નહીં. આ પ્રકારની બ્લોક ક્રેડિટ નો સમાવેશ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭ માં કરવામાં આવ્યો છે.

**માલ કે સેવાનો અંગત હેતુઓ માટે ઉપયોગ:**

ઘણી વાર કોઈ વેપારી દ્વારા એવા માલ કે સેવાનો મેળવવામાં આવતી હોય છે જે માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા ધંધાકીય હેતુઓ માટે ઉપરાંત અંગત હેતુઓ માટે સંયુક્ત રીતે કરવામાં આવતો હોય. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૧) હેઠળ આ પ્રકારે ધંધા સિવાયના હેતુઓ માટે કરવામાં આવેલ માલ કે સેવાના ઉપયોગ માટે ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં.

ઉદાહરણ તરીકે જોઈએ તો શ્રી જેઠાલાલ એક ઈલેક્ટ્રોનિક્સની દુકાન ધરાવે છે. તેઓ દ્વારા ટેલીવિઝનની ખરીદ વેચાણ સામાન્ય રીતે કરવામાં આવતું હોય છે. ધંધાના આ સામાન્ય વ્યવહાર માટે ખરીદવામાં આવેલ ટેલિવિઝનની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે. પરંતુ શ્રી જેઠાલાલ દ્વારા પોતાના ઘર માટે ટેલિવીઝન ખરીદવામાં ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળી શકે નહીં.

અમુક સંજોગોમાં એવું પણ બનતું હોય છે કે અમુક માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા અંશતઃ પોતાના ધંધા માટે કરવામાં આવે અને અંશતઃ પોતાના અંગત ઉપયોગ માટે કરવામાં આવ્યો હોય. આ પ્રકારના કિસ્સામાં વેપારીને આ ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ધંધાકીય હેતુઓમાં કરવામાં આવેલ મર્યાદામાં સપ્રમાણ મળે.

ઉદાહરણ તરીકે શ્રી જેઠાલાલ દ્વારા માલિકી ધોરણે કરવામાં આવતા ધંધામાં તેઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. આ ફોનનો ઉપયોગ સ્વાભાવિક રીતે ધંધાકીય કામ સિવાયના કામો માટે એટ્લે કે બબીતા અથવા તો દયા સાથે વાતો કરવામા પણ થતો હોય છે!! આ મોબાઈલ ફોનના બિલ ઉપર ચૂકવવામાં આવતા જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓએ સપ્રમાણ લેવી જોઈએ. જ્યારે ધંધાકીય હેતુ તથા અંગત ઉપયોગનું પ્રમાણ નક્કી કરવું શક્ય ના હોય ત્યારે બન્ને ઉપયોગ ૫૦% જેટલો ગણી લેવામાં આવે તેવું નિષ્ણાંતો સલાહ આપતા હોય છે. આવા સંજોગોમાં મોબાઈલ સેવા મેળવવા માટે બિલ ઉપર ચૂકવવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ૫૦% ની મર્યાદામાં લેવામાં આવે તે જરૂરી છે.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે ઘણીવાર કરદાતા દ્વારા આ પ્રકારે ઘર માટે ખરીદવામાં આવેલ ટેલિવીઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ પોતાના રિટર્નમાં માંગવામાં આવતી હોય છે. આ પ્રકારે અંગત ઉપયોગ માટે ખરીદવામાં આવેલ માલની ક્રેડિટ જી.એસ.ટી. હેઠળ લઈ શકાય નહીં. જો આ બાબત આકારણીમાં અધિકારી દ્વારા પકડવામાં આવે તો વેપારીએ મોટું વ્યાજ ઉપરાંત દંડ પણ ચૂકવવો પડે છે.

**કરમુક્ત માલ કે સેવાના ઉપયોગ માટે કરવામાં આવતી કરપાત્ર માલ કે સેવાની ખરીદી:**

જી.એસ.ટી. હેઠળ અમુક ખાસ પ્રકારના માલ કે સેવાને કરમુક્ત જાહેર કરવામાં આવેલ છે. આ પ્રકારના કરમુક્ત માલ કે સેવાના ઉત્પાદનમાં કે વેચાણમાં ઉપયોગમાં લેવામાં આવેલ માલ કે સેવા ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ખરીદનારને મળી શકે નહીં તેવી જોગવાઈ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૨) હેઠળ કરવામાં આવ્યો છે.

ઉદાહરણ તરીકે શ્રી વાગલે કપાસિયા ખોળના ઉત્પાદક છે. કપાસિયા ખોળને જી.એસ.ટી. હેઠળ પશુ આહાર તરીકે કરમુક્ત જાહેર કરવામાં આવ્યો છે. તેઓ દ્વારા કપાસિયા ખોળના ઉત્પાદનમાં ખરીદવામાં આવેલ કપાસિયા, પ્લાસ્ટિક બેગ વી. ઉપર જી.એસ.ટી. ચૂકવવામાં આવ્યો છે. શ્રી વાગલે દ્વારા કપાસિયા ખોળ કરમુક્ત હોય તેના ઉત્પાદનમાં વાપરમાં આવેલ કપાસિયા, પ્લાસ્ટિક બેગ કે અન્ય સેવાઓ ઉપર ચૂકવવામાં આ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય નહીં.

અમુક સંજોગોમાં એવું પણ બનતું હોય છે કે અમુક માલ કે સેવાનો ઉપયોગ વેપારી દ્વારા અંશતઃ પોતાના ધંધાના કરપાત્ર વેચાણ માટે કરવામાં આવે અને અંશતઃ કરમુક્ત વસ્તુના વેચાણ માટે કરવામાં આવ્યો હોય. આ પ્રકારના કિસ્સામાં વેપારીને આ ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કરપાત્ર વેચાણની મર્યાદામાં સપ્રમાણ મળે.

ઉદાહરણ તરીકે શ્રી વાગલે દ્વારા કરમુક્ત કપાસિયા ખોળ ઉપરાંત કરપાત્ર કપાસિયાનું વેચાણ પણ કરવામાં આવતું હોય છે. આવા કિસ્સામાં જે માલ કે સેવા કરપાત્ર માલના વેચાણને લગતી હોય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીને મળે પરંતુ જે માલ કે સેવા કરમુક્ત વેચાણને લગતી હોય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળે નહીં. જ્યારે કરપાત્ર તથા કરમુક્ત વસ્તુ કે સેવામાં સંયુક્ત રીતે ખરીદવામાં આવેલ માલ કે સેવાના કિસ્સામાં કરપાત્ર માલના વેચાણના સપ્રમાણ ઈન્પુટ ટેક્સ વેપારીને મળે.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે ઘણીવાર કરદાતા દ્વારા આ પ્રકારે કરમુક્ત વસ્તુ કે સેવાના વેચાણ સાથે સંકળાયેલ હોય કરમુક્ત માલ કે સેવાના વેચાણ ઉપર ઘટાડવાની થતી ક્રેડિટ ઘટાડતા હોતા નથી. આ પ્રકારે કરમુક્ત વેચાણ કે સેવાઓ માટે ખરીદવામાં આવેલ માલ તથા સેવાની ક્રેડિટ જી.એસ.ટી. હેઠળ લઈ શકાય નહીં. જો આ બાબત આકારણીમાં અધિકારી દ્વારા પકડવામાં આવે તો વેપારીએ મોટું વ્યાજ ઉપરાંત દંડ પણ ચૂકવવો પડે છે.

જી.એસ.ટી. લાગુ થયા પહેલા વેટ કાયદો અમલમાં હતો ત્યારે વેટ હેઠળના રિટર્ન ઘણા વિગતવાર રહેતા હતા. જી.એસ.ટી. લાગુ થયા બાદ લાગુ કરવામાં આવેલ સમરી રિટર્ન GSTR 3Bમાં ખૂબ ઓછી વિગતો જોવા મળે છે. આ કારણે સંજોગો એવા ઊભા થયા છે કે કરદાતાનું વ્યવસાયી રીતે કામ કરતાં કોઈ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે કરદાતા દ્વારા લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સાચી છે કે ખોટી તે તપાસવા ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. કરદાતા દ્વારા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટને દરેક ક્રેડિટ લેવા અંગે પુછવામાં આવે અથવા તો કરદાતા પોતે આ ઈન્પુટ ક્રેડિટ અંગેના નિયમો અંગે જાણકારી રાખે અને જાણકાર બને તે બે જ વિકલ્પ રહેલા છે. આ લેખશ્રુંખલામાં કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટના વિષયો અંગે જાગૃત બનાવવા તેઓએ ધ્યાને લેવાની જરૂરી માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.


**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબમાં તા. ૨૯.૧૧.૨૦૨૧ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

# જી.એસ.ટી. હેઠળ આ માલ તથા સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં!!

**સિમ લેસ ક્રેડિટ એટલેકે કોઈ પણ બાધ વગરની ક્રેડિટ મેળવી શકાય તે માટે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. હેઠળ અમુક ખાસ ક્રેડિટને ગણવામાં આવે છે બ્લોક ક્રેડિટ બ્લોક ક્રેડિટ ની યાદીમાં આવતા માલ તથા સેવાની ક્રેડિટ માલ કે સેવા મેળવનાર વેપારી લઈ શકે નહીં. જો આ ક્રેડિટ લેવામાં આવે તો લાગી શકે છે દંડ તથા વ્યાજ!!**

## ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વિશેષ લેખ શૃંખલાનો લેખ નંબર-3




તા. ૦૭.૧૨.૨૦૨૧

જી.એસ.ટી. કાયદો લાગુ કરવાનો સૌથી મોટો હેતુ કરદાતાને સિમલેસ ક્રેડિટ મળી રહે તે અંગેનો હતો. અગાઉ માલ ઉત્પાદન ઉપર લગતી એક્સાઈઝની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ છૂટક કે જથ્થાબંધ માલ વેચનાર ને મળતી ન હતી. તેવી રીતે અલગ અલગ રાજ્યોના વેટ કાયદા હેઠળ ક્રોસ ક્રેડિટ એટલેકે એક બીજા રાજ્યો પર લાગેલ વેટની ક્રેડિટ કરદાતાને મળતી ન હતી. આ ઉપરાંત વેટ કાયદા હેઠળ માલનું વેચાણ કરતાં કરદાતાને તેના દ્વારા મેળવવામાં આવેલ સેવાની ક્રેડિટ મળતી નહીં તો સામે સેવા પૂરી પડતાં સર્વિસ ટેક્સ હેઠળ નોંધાયેલ કરદાતાને તેની ખરીદી ઉપરના વેટની ક્રેડિટ મળતી ન હતી. માલ ઉત્પાદન પર લગતા એક્સાઈઝ, માલ વેચાણ પર વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરવામાં આવેલ વેટ તથા સેવા ઉપર લાગુ સર્વિસ ટેક્સના સ્થાને એક જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો છે. આમ, આ તમામ કાયદાના સ્થાને જી.એસ.ટી. કાયદો આવવાથી કરદાતાને સિમલેસ ક્રેડિટ એટલેકે કોઈ પણ બાધ વિના ક્રેડિટ મળી રહેશે તેવું માનવમાં આવી રહ્યું હતું. પરંતુ આજે ૪ વર્ષે જ્યારે જી.એસ.ટી. નું આંકલન કરીએ ત્યારે એટલું ચોક્કસ કહી શકીએ કે જી.એસ.ટી હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સિમલેસ રહી નથી.

જી.એસ.ટી. હેઠળ મૂળભૂત હેતુ ધંધાકીય વ્યવહારો ઉપર વધુમાં વધુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીઓને મળી રહે ત સુનિશ્ચિત કરવાનો હતો. આમ, વધુ માં વધુ ક્રેડિટ જ્યારે વેપાર જગતને આપવામાં આવે ત્યારે વિવિધ માલ તથા સેવાઓના ભાવ ઘટે તેવી સામાન્ય અર્થશાસ્ત્રનું ગણિત હતું. પરતું આ સાથે જ જી.એસ.ટી. કાયદો લાગુ થયો છે ત્યારથી અમુક ખાસ ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો સમાવેશ બ્લોક ક્રેડિટ માં કરવામાં આવ્યો છે. બ્લોક ક્રેડિટ એટ્લે એવી ક્રેડિટ જેની ક્રેડિટ કોઈ પણ વેપારીઓ માટે અથવા તો ખાસ પ્રકારના વેપારીઓ માટે બ્લોક કરવામાં આવેલ છે. આ માલ કે સેવાની ઈન્પુટ તકે ક્રેડિટ આ માલ કે સેવા ખરીદવામાં વેપારી દ્વારા વેચનારને જી.એસ.ટી. ચુકાવ્યો હોવા છતાં મળી શકે નહીં. આ પ્રકારની બ્લોક ક્રેડિટ નો સમાવેશ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭ માં કરવામાં આવ્યો છે.

### જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૫) હેઠળ ન મળવા પાત્ર ઈન્પુટ ટેક્સ ક્રેડિટ:

**૧. ડ્રાઈવર સહિત ૧૩ વ્યક્તિઓ સુધીની બેઠક વ્યવસ્થા ધરાવતી મોટર કારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં.**

જી.એસ.ટી. હેઠળ મોટર કારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. આ નિયમ જાણવો વેપારીઓ માટે ખૂબ જરૂરી છે. અવારનવાર એવા કિસ્સા જોવા મળતા હોય છે કે વેપારીઓએ પોતાનો જી.એસ.ટી. નંબર ગાડી ખરીદી માટે આપવામાં આવ્યો હોય છે અને GSTR 2A માં આ ખરીદી દર્શાવતી હોય ત્યારે વેપારી આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરી લેતા હોય છે. ઘણી વાર એકાઉન્ટન્ટ મિત્રો પણ આ જોગવાઈ અંગે અજાણ હોય, આ ક્રેડિટ ક્લેઈમ કરી લેતા હોય છે. પરંતુ આ પ્રકારની ક્રેડિટ ક્લેઈમ કરેલ હોય તે જો જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા પકડી પાડવામાં આવે તો વેપારી ઉમર મોટા વ્યાજ તથા દંડની જવાબદારી ઉપસ્થિત થતી હોય છે. હા, મોટર કાર ખરીદ વેચાણ સાથે જોડાયેલ વેપારી પોતાના ધંધાકીય ખરીદ વેચાણ માટે મોટર કારની ખરીદી કરે તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ચોક્કસ મળે અને આ નિયમ તેઓને લાગુ પડે નહીં. આ ઉપરાંત ટેક્સી સર્વિસ કે જેના ઉપર જીએસ.ટી ભરવામાં આવતો હોય કે એવી મોટર કાર કે જેનો ઉપયોગ મોટર ચલાવવા શીખવવા (મોટર ટ્રેનીંગ) માટે થતો હોય તો પણ આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો બાધ તેઓને નડશે નહીં.

આ ઉપરાંત જે સંજોગોમાં મોટર કારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં તેવા કિસ્સાઓમાં આ મોટર કારને સંલગ્ન વીમા, સ્પેર્સ તથા પાર્ટસની, રિપેર્સની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ મળી શકે નહીં તે જાણવું ખૂબ જરૂરી છે.

**૨. ખાદ્ય પદાર્થો એટલેકે રેસ્ટોરન્ટ, કેટરિંગ સેવા મેળવવામાં ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં:**

રેસ્ટોરન્ટ, કેટરિંગ સેવા મેળવવા વેપારી દ્વારા જે ચુકવણી કરવામાં આવે તે ચુકવણી ઉપર લાગેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કલમ ૧૭(૫) હેઠળ બ્લોક કરવામાં આવેલ છે. ઉદાહરણ તરીકે કોઈ વેપારી પોતાના ડીલર્સની મિટિંગનું કોઈ હોટેલમાં આયોજન કરે ત્યારે આ મિટિંગમાં ખાદ્ય પદાર્થો એટ્લે કે રેસ્ટોરન્ટ બિલ ઉપર જે જી.એસ.ટી. લગાડવામાં આવ્યો હોય તે જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારી લઈ શકે નહીં.

**૩. બ્યુટી ટ્રીટમેંટ, હેલ્થ સર્વિસ, પ્લાસ્ટિક સર્જરી જેવી વ્યક્તિગત સેવા માટેની ક્રેડિટ મળી શકે નહીં:**

કોઈ વેપારી પોતાના કે પરિવાર માટે બ્યુટી ટ્રીટમેંટ કે પ્લાસ્ટિક સર્જરીની સેવા મેળવવામાં આવી હોય ત્યારે તેના ઉપર લગતા જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. આ ઉપરાંત હેલ્થ સર્વિસ જેવી કે જિમનેશિયમ ઉપર ચૂકવવામાં આવતા જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ મળી શકે નહીં. ઘણી વાર એવું ધ્યાને આવતું હોય છે કે વેપારીઓ આ નિયમ અંગે અજાણ હોય, આ પ્રકારની સેવા મેળવવામાં કરવામાં આવેલ ખર્ચની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ ક્લેઈમ કરી લેતા હોય છે. આ પ્રકારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવામાં ના આવે તે બાબતની કાળજી લેવી ખૂબ જરૂરી છે.

**૪. કલબ મેમ્બરશિપ ઉપરની જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં:**

કોઈ વાર વેપારી કોઈ ક્લબના મેમ્બર હોય અને મેમ્બરશિપ ધંધાના નામે લેવામાં આવેલ હોય. આવા સંજોગોમાં પણ ક્લબ મેમ્બર તરીકે ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**૫. સ્થાવર મિલ્કતના સંદર્ભમાં ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ:**

સ્થાવર મિલ્કત જેવીકે મકાન, ઓફિસ, ફેક્ટરી, ગોડાઉન વગેરેના ચણતરમાં વપરાશ કરવામાં આવેલ માલ તથા સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. ઉદાહરણ તરીકે કોઈ વેપારીએ પોતાની દુકાનનું ચણતર કરાવેલ છે. આ ચણતરમાં વપરાયેલ સિમેન્ટ, સ્ટીલ, રેતી, કપચી વગેરે ઉપર જે જી.એસ.ટી. લગાડવામાં આવેલ હોય તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. આવી રીતે દુકાન, ગોડાઉન ખરીદવા સમયે બિલ્ડર દ્વારા લગાડવામાં આવેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ મળી શકે નહીં. ઘણી વાર એવું જોવા મળતું હોય છે કે વેપારી દ્વારા આ નિયમો અંગે જાણકારી ના હોવાના કારણે આ પ્રકારની સ્થાવર મિલ્કતના સંદર્ભમાં ચૂકવવામાં આવેલ જી.એ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં આવતી હોય છે. આ પ્રકારે ક્રેડિટ લેવામાં આવેલ હોય ભવિષ્યમાં આ અંગે ટેક્સ, વ્યાજ તથા દંડની મોટી જવાબદારી ઉપસ્થિત થઈ શકે છે.

**૬. ખોવાઈ ગયેલ માલ, ચોરાઇ ગયેલ માલ, નુકસાન પામેલ માલ, સેમ્પલ તરીકે આપવામાં આવેલ માલ માટેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં:**

જી.એસ.ટી કાયદા હેઠળ એવા માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવે છે જે માલનો ઉપયોગ વેચાણ માટે થવાનો હોય. જ્યારે કોઈ માલ ખોઇ દેવામાં આવ્યો હોય અથવા તો કોઈ માલ ચોરી થઈ ગયેલ હોય અથવા તો કોઈ માલ આગ, પૂર વગેરેને કારણે નુકસાન પામેલ હોય તેવો માલનું વેચાણ કરવું શક્ય બને નહીં. આ કારણે આ પ્રકારના માલ ઉપર લાગેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વેપારીએ લેવાની રહે નહીં. વેપારી દ્વારા અગાઉ આ માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં આવેલ હોય તો તેઓએ આ ક્રેડિટ રિવર્સ કરવાની રહે. આવી રીતે વેપારી દ્વારા કોઈ માલ સેમ્પલ તરીકે ફ્રી માં આપવામાં આવેલ હોય ત્યારે પણ આ માલની ખરીદી માટે ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. દરેક વેપારી માટે આ નિયમ જાણવો ખૂબ જરૂરી છે. કારણકે આ પર્ણ માલની વિગત માત્ર વેપારી પાસે જ હોય તે સ્વાભાવિક છે. આ પ્રકારના માલની વિગત પોતાના એકાઉન્ટન્ટને આપવામાં આવે તે જરૂરી છે.

જી.એસ.ટી. લાગુ થયા પહેલા વેટ કાયદો અમલમાં હતો ત્યારે વેટ હેઠળના રિટર્ન ઘણા વિગતવાર રહેતા હતા. જી.એસ.ટી. લાગુ થયા બાદ લાગુ કરવામાં આવેલ સમરી રિટર્ન ઋજીઝછ ૩ઇ માં ખૂબ ઓછી વિગતો જોવા મળે છે. આ કારણે સંજોગો એવા ઊભા થયા છે કે કરદાતાનું વ્યવસાયી રીતે કામ કરતાં કોઈ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે કરદાતા દ્વારા લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સાચી છે કે ખોટી તે તપાસવા ખૂબ ઓછા વિકલ્પો રહેલા છે. કરદાતા દ્વારા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટને દરેક ક્રેડિટ લેવા અંગે પુછવામાં આવે અથવા તો કરદાતા પોતે આ ઈન્પુટ ક્રેડિટ અંગેના નિયમો અંગે જાણકારી રાખે અને જાણકાર બને તે બે જ વિકલ્પ રહેલા છે. આ લેખશ્રુંખલામાં કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટના વિષયો અંગે જાગૃત બનાવવા તેઓએ ધ્યાને લેવાની જરૂરી માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

(આ લેખ જાણીતા દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા.૦૬-૧૨-૨૦૨૧ ના રોજ પ્રકાશિત થયેલ છે)

# કાપડ, રેડીમેઈડ તથા હેન્ડલુમના વેપારીઓ માટે અમલી બનેલ ટેક્સ



સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા તા.૧૮/૧૧/૨૦૨૧ ના રોજ નોટીસ નં.૧૪/૨૦૨૧ સેન્ટ્રલ ટેક્ષ (રેટ) દ્વારા તા.૧/૧/૨૦૨૨ ના રોજથી અમલી બને તેવી રીતે કાપડ એમ્બ્રોડરી તેમજ ઝરી આર્ટીકલ, સાડીફોલ, બ્લેંકેટ, પડદા, વગેરે કાપડની બનેલી ચીજવસ્તુઓ ઉપર જી.એસ.ટી.નો દર ૫% થી વધારીને ૧૨% કરેલ છે. તૈયાર બનાવેલા કપડા કે જે રૂા.૧૦૦૦ થી નીચે વેચાણ થતું હોય તેની ઉપરનો ટેક્ષનો દર પણ ૫% થી વધારીને ૧૨% કરેલ છે.

સીન્થેટીક સ્ટેપલ ફાઈબર, આર્ટીફીશીયલ સ્ટેપલ ફાઈબર, આર્ટીફીશીયલ ફીલામમેન્ટ વગેરે, જેવા રો-મટીરીયલ્સનો દર ૧૮% થી ઘટાડીને ૧૨% કરેલ છે. ઉપરોકત ટેક્ષ રેટના વધારા ને કારણે ઓછામાં ઓછો ૧૦% ભાવ વધારો કાપડ તથા તૈયાર વસ્ત્રોની કીંમતમાં થાય તેવી શકયતા છે.

ઉપરોકત ફેરફારની છુટક તથા જથ્થાબંધ ટ્રેડીંગ કરનાર વેપારીઓ ઉપર શું અસર થાય તે તપાસીએ.

દા.ત. ઉત્પાદક કોઈ એક શર્ટ બનાવે છે તેમાં કાપડની કીંમત રૂા.૧૦૦/- જોબવર્ક ચાર્જીસ રૂા.૪૦/- પેકીંગ તથા અન્ય ખર્ચ રૂા.૧૫/- તથા રૂા.૩૦/-નફો અંદાજીત ગણેલ છે.

| હાલમાં | રૂપિયા | ટેક્ષ દર | ટેક્ષ | ૧/૧/૨૦૨૨ થી | ટેક્ષ દર | ટેક્ષ | |
|---|---|---|---|---|---|---|---|
| કાપડની કિંમત | ૧૦૦ | ૫% | ૫ | ૧૦૦ | ૧૨% | ૧૨ | |
| જોબ વર્ક ચાર્જીસ | ૪૦ | ૫% | ૨ | ૪૦ | ૧૨ | ૪.૮૦ | |
| પેકીંગ | ૧૫ | ૫% | ૦.૭૫ | ૧૫ | ૧૨ | ૧.૮૦ | |
| | ૧૫૫ | ૫% | ૭.૭૫ | ૧૫૫ | ૧૨ | ૧૮.૬૦ | |

| | | | |
|---|---|---|---|
| વે.કિ. ૧૮૫ × ૫ % | | વે.કિ. ૧૮૫ × ૧૨ % | |
| કુલ Out put | ૯.૨૫ | કુલ Out put | ૨૨.૨૦ |
| Input tax credit | ૭.૭૫ | Input tax credit | ૧૮.૬૦ |
| કુલ રોકડ ટેક્ષ ભરવાપાત્ર રૂા. | ૧.૫૦ | કુલ રોકડ ટેક્ષ ભરવાપાત્ર | ૩.૬૦ |

પરંતુ જો ઉત્પાદક દ્વારા ઉચક વેરાનો વિકલ્પ સ્વીકારવામાં આવેલ હોય તો રોકડ ભરવાપાત્ર ટેક્ષ ૧.૮૫ થાય.

તો ૧/૧/૨૦૨૨ પછી Input tax ને પણ જો પડતર માં ઉમેરી ૧૫૫ + ૧૮.૬૦ = ૧૭૪ + ૩૦ નફો = ૨૦૪ વે.કિ. ઉપર રોકડેથી ભરવાપાત્ર ટેક્ષ રૂા.૨.૦૪ થાય.

- ઉપરોકત શર્ટ કોઈ જથ્થાબંધ વેચનાર ખરીદ કરે છે અને તે પોતાની પડતર + ટ્રાન્સપોટેશન ઉપર ૧૫% નફો ચડાવી વેચાણ કરે છે.
- ખરીદ કીંમત ૧૮૫
- ખર્ચ ૭

કુલ પડતર ૧૯૨/-

આમ ઉપરોકત પડતર કિંમત ઉપર જો જથ્થાબંધ વેચાણકર્તા ૧૫% નફો ચડાવી વેચાણ કરે તો

| હાલમાં | ૫% | ૧/૧/૨૦૨૨ થી | ૧૨% |
|---|---|---|---|
| પડતર કીંમત ટેક્ષ સિવાય | ૧૯૨ | | ૧૯૨ |
| I.T.C. | ૯.૨૫ | | ૨૨.૨૦ |
| નફો | રૂા.૩૦/ | | રૂા.૩૦/- |
| વે.કિ. ટેક્ષ સિવાય | ૨૨૨ | વે.કી. ટેક્ષ સિવાય | ૨૨૨ |
| જી.એસ.ટી. | ૧૧.૧૦ | જી.એસ.ટી. | ૨૬.૬૪ |
| Input credit | ૯.૨૫ | Input credit | ૨૨.૨૦ |
| રોકડ ભરવાપાત્ર નકત | ૧.૮૫ | રોકડ ભરવાપાત્ર નકત | ૪.૪૪ |

૧૨% ટેક્ષ થયા બાદ જો વેપારી ઉચક વેરાનો ઓપ્શન ધરાવે છે તેમજ તેમણે જેમની પાસેથી ખરીદી કરી છે તે પણ ઉચ્ચક વેરાનો ઓપ્શન ધરાવતા હોય તો નીચે પ્રમાણે ગણતરી થાય.

- ખરીદ કીંમત ૨૦૪/-
- ખર્ચા ૭/-

૨૧૧/-

- ૧૫%નફો ૩૨/-

૨૪૩/- રૂા. વેચાણ કિંમત તેમજ રોકડ ભરવાપાત્ર ટેક્ષ ૨.૪૩ થાય જે ટેક્ષ ક્રેડીટ લીધા પછી ભરવા પાત્ર ટેક્ષ કરતા ઓછો છે.

ઉપરોકત શર્ટ છુટક વેચનાર વેપારી ખરીદ કરે છે અને શર્ટ ઉપર માત્ર રૂા.૧૦૦/- નફો ચડાવી વેચાણ કરે છે.

| ૫% | | ૧/૧/૨૦૨૨ થી | ૧૨% |
|---|---|---|---|
| પડતર કીંમત ટેક્ષ સિવાય | ૨૨૨/- | પડતર કિંમત ટેક્ષ સિવાય | ૨૨૨/- |
| ખર્ચ | ૮/- | ખર્ચ | ૮/- |
| કુલ પડતર ટેક્ષ સિવાય | ૨૩૦/- | કુલ પડતર ટેક્ષ સિવાય | ૨૩૦/- |
| ITC | ૧૧.૧૦ | ITC | ૨૬.૬૪ |
| વે.કિ. ટેક્ષ સિવાય | ૩૩૦/- | વે.કિ. ટેક્ષ સિવાય | ૩૩૦/- |
| GST | ૧૬.૫૦ | GST | ૩૯.૬૦ |
| ITC | ૧૧.૧૦ | ITC | ૨૬.૬૪ |
| રોકડ ભરવાપાત્ર નકત | ૫.૪૦ | રોકડ ભરવાપાત્ર નકત | ૨૬.૬૪ |

પરંતુ જો છુટક વેચાણ કરનાર પણ ઉચ્ચક વેરાનો ઓપ્શન ધરાવતા હોય તો આગળની તમામ ITC ન મળતા તે શર્ટની પડતર કિંમતમાં ઉમેરો કરે તો...

શર્ટની ખરીદ કીંમત ૨૪૩
\+ ખર્ચ ૮
કુલ પડતર ૨૫૧/
\+ નફો ૧૦૫/- (ટેક્ષ + નફો રૂા.૧૦૦/-)
કુલ વેચાણ કિંમત ૩૫૬/-

વેચાણ કિંમત ૩૫૬/- ઉપર ૩.૫૬/- રોકડ ટેક્ષ ભરવાપાત્ર થાય.

ઉપરોકત ઉદાહરણ તપાસતા જણાય છે કે, રૂા.૧.૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા કાપડ, રેડીમેઈડ ગામેન્ટ તથા હેન્ડલુમ વેપારીઓએ એક વખત ઉચ્ચક વેરાનો ઓપ્શન પસંદ કરવા બાબતે વિચાર કરવો જોઈએ.

૫- ઉચ્ચક વેરા ઓપ્શન સ્વીકારતા પહેલા ધ્યાને લેવા ના જરૂરી મુદા:

- ટેક્ષનાં દરમાં વધારો તા.૧/૧/૨૦૨૨ થાય છે. પરંતુ હાલમાં રેગ્યુલર ટેક્ષ પેમેન્ટનાં ઓપ્શનમાં રહેલા વેપારીશ્રીને તા.૧/૪/૨૦૨૨ થી જ ઉચ્ચક વેરા ઓપ્શન મળી શકે. ૧ જાન્યુઆરી-૨૦૨૨ થી ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી તેમણે રેગ્યુલર દરે જ વેરો ભરવો પડે.
- ૧/૪/૨૦૨૨ થી ઉચ્ચક વેરાનો ઓપ્શન ૨૦૨૧-૨૨ માં રૂા.૧.૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીને જ મળી શકે.
- ઉચ્ચક વેરા ઓપ્શનમાં ગ્રાહકો પાસેથી ટેક્ષની રકમ અલગ ઉઘરાવી શકાતી નથી.
- ઉચ્ચક વેરાનો ઓપ્શન સ્વીકારતા પહેલા સ્ટોકમાં રહેલા માલ તેમજ કેપીટલ ગુડસ ની ક્રેડીટ નિયમ પ્રમાણે રીવર્સલ કરવાપાત્ર થાય અને પુરતી રકમ જો ક્રેડીટ લેજરમાં ન હોય તો રોકડેથી ભરવાપાત્ર થાય.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા ઉચ્ચક વેરાનો ઓપ્શન જથ્થાબંધ તથા છુટક વેચાણ કરનાર વેપારી માટે વધારે લાભદાયક જણાય છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા આપનાં કરવેરા સલાહકારની સલાહ લેવા અનુરોધ છે.



**Jignesh Vyas**
**Tax Advocate, Junagadh.**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




### 06th December 2021

### જી.એસ.ટી (વેટ)

**અમારા અસીલને ગુજરાત વેટ કાયદાની કલમ ૬૭ તથા ૭૦ હેઠળ, વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬ ૧૭ માટે નમૂનો ૪૦૧ માં નોટિસ મળેલ છે. આ નોટિસ હાલ નવેમ્બર ૨૦૨૧ માં મળેલ છે. શું આ નોટિસ સમય મર્યાદા બહારની ના ગણાય? વેટ કાયદા હેઠળ કેટલા વર્ષના હિસાબી સાહિત્યો રાખવા જરૂરી છે? – ગૌરવ પટેલ, ટેક્સ એડવોકેટ, ખેડા**

જવાબઃ વેટ કાયદા હેઠળ હવે માત્ર ઇસ્યું બેઝ નોટિસ નીકળી શકે છે. આ નોટિસ હોય તો કોઈ ચોક્કસ મુદ્દા ઉપર હોય શકે છે. આ સિવાય સંપૂર્ણ આકારણી (ઓડિટ આકારણી) ની નોટિસ હવે નીકળી શકે નહીં. ''ઇસસ્યું બેઝ'' ના હોય તેવી નોટિસ ટાઈમ બાર્ડ ગણાય. જી.એસ.ટી. કાયદાની કલમ ૬૪ મુજબ નાણાકીય વર્ષના અંતની ૬ વર્ષ સુધીના ચોપડા જાળવવા જરૂરી છે.

---

**અમારા અસીલ ઉત્પાદક છે. તેઓ દ્વારા ઉત્પાદિત માલ ઉપર ૫% જી.એસ.ટી. લાગુ પડે છે. અન્ય રાજ્યમાં માલ મોકલવા માટે તેઓ જે ટ્રાન્સપોર્ટ સેવાનો ઉપયોગ કરે છે તે સેવા ઉપર તેઓ ૧૨% જી.એસ.ટી. ભરે છે. શું અમે વેચાણ બિલ બનાવીએ ત્યારે ખરીદનાર પાસેથી માલ ઉપર ૫% તથા ટ્રાન્સપોર્ટેશન ઉપર ૧૨% દર્શાવી બિલ બનાવી શકીએ? – હિત લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ કચ્છ**

જવાબઃઆપના અસીલ દ્વારા જો માલના બિલ સાથે જ આ ટ્રાન્સપોર્ટેશનની રકમ ઉમેરવામાં આવતી હોય તો તેમાં માલની રકમનો ટેક્સ અંગેનો દર જ દર્શાવી શકાય. હા, ટ્રાન્સપોર્ટેશનનું અલગ બિલ બનાવી ૧૨% ના દર વસૂલી શકાય તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ માલિકી ધોરણે ધંધો ચલાવતા હતા. તેઓનું અવસાન થતાં તેઓના વરસદારે માલિકી ધોરણે ધંધો સાંભળેલ છે. નવા ધંધા માટે નવો નંબર મેળવેલ છે. અમારો પ્રશ્ન એ છે કે નવો નંબર વારસદાર દ્વારા મેળવવામાં આવે ત્યાં સુધી કેટલો સમય જૂના નંબર ઉપર કેટલા સમય સુધી ઓથોરાઈઝ વ્યક્તિ તરીકે ધંધો ચલાવી શકે? અમારા મૃત અસીલના જૂના ઓર્ડર મુજબ તેઓના મૃત્યુ બાદ પણ અમુક માલ આવેલ છે. આ માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે ટ્રાન્સફર કરી શકાય? – જિજ્ઞેશભાઈ ધ્રુવ, ધોરાજી**

જવાબઃ વારસદાર તરીકે એ કેટલા દિવસ ધંધો ચલાવી શકે તે બાબતે જણાવવું જરૂરી છે કે જી.એસ.ટી. કાયદા હેઠળ વારસદાર એક પણ દિવસ ધંધો ચલાવી શકે નહીં. જી.એસ.ટી કાયદા હેઠળ માલિકી ધોરણે ધંધો કરતાં કરદાતાના મૃત્યુ બાદ ટ્રાન્સફરી તરીકે નંબર લેવા માટે મૃત્યુ તારીખથી ૩૦ દિવસનો સમય આપવામાં આવેલ છે. આપના અસીલના મૃત્યુ બાદ જે ખરીદ ઓર્ડર મુજબ માલ આવેલ છે તેના માટે વેચનાર પાસે જી.એસ.ટી. કાયદાની કલમ ૩૧(૩) હેઠળ નવા જી.એસ.ટી. નંબર સાથેના રીવાઈઝ ઇંવોઇસ લેવાના રહે જેથી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નવા જી.એસ.ટી. નંબરમાં જ મળી શકે.

---

**અમારા અસીલ કંપોઝીશન પરવાનગી ધરાવતા કરદાતા હતા. તેઓ દ્વારા જી.એસ.ટી. નોંધણી દાખલો રદ કરવા અરજી કરવમાં આવેલ છે. તેઓને ડિપાર્ટમેંટ તરફથી સ્ટોક ઉપર ટેક્સ ભરવા નોટિસ આપવામાં આવેલ છે. શું કંપોઝીશન ડીલર નોંધણી દાખલો રદ કરતાં સમયે સ્ટોક ઉપર ટેક્સ ભરવા જવાબદાર બને? – સરાનખાવાલા એસોશીએટ્સ, વડોદરા**

જવાબઃ ના, અમારા મત મુજબ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતા સ્ટોક ઉપર ટેક્સ ભરવા જવાબદાર બને નહીં. પરંતુ પ્રેક્ટિકલી જો સ્ટોક પર ભરવાની રકમ સામાન્ય હોય તો આ બાબતે માનસિક શાંતિ માટે વેરો ભરી આપવાના વિકલ્પ પણ ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા સૂચવવામાં આવતા હોય છે.

---

**અમારા અસીલને નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ માટે વ્યાજ ભરવા માટેની નોટિસ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી આપવામાં આવેલ છે. અમારા અસિલે ટેક્સ સમયસર ચલણ દ્વારા ભરી આપવામાં આવ્યો હતો. પરંતુ રિટર્ન ભરવામાં તેઓ મોડા પડ્યા હતા. શું આ રકમ ઉપર વ્યાજની જવાબદારી આવે? – પ્રશાંત ઠક્કર, પાટણ**

જવાબઃ હા, આવા કિસ્સામાં જ્યાં સુધી ચલણ દ્વારા ભરેલ રકમ રિટર્ન દ્વારા સેટ ઓફ ના થઈ જાય ત્યાં સુધી કરદાતાની વ્યાજ ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

---

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલને બે વર્ષ અગાઉ ઈન્કમ ટેક્સ નોટિસ આવેલ હતી. આ નોટિસનો પ્રતિઉત્તર ના આપવાના કારણે ઈન્કમ ટેક્સ તરફથી ડિમાન્ડ નોટિસ આપવામાં આવેલ હતી. તેઓનું ચાર મહિના અગાઉ આકસ્મિક મૃત્યુ થયેલ છે. હવે આ સંજોગોમાં મારા અસીલના વારસો માટે શું વિકલ્પ રહે? – પિયુષ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ.**

જવાબઃ તમારા અસીલ પાસે વારસદાર તરીકે અપીલ ફાઇલ કરવાનો હક્ક રહેલ છે. જો અપીલ ફાઇલ કરવામાં ના આવે તો મૃત વ્યક્તિ પાસેથી મેળવેલ મિલ્કતોની મર્યાદામાં તેઓના વારસદાર, જે તે ડિમાન્ડ સામે ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બને તેવો અમારો મત છે.

---

### ૨૯ નવેમ્બર ૨૦૨૧

### જી.એસ.ટી

**અમારા અસીલ ઓનલાઈન ઈન્ફોર્મેશન એન્ડ ડેટા બેઝ એક્સેસ ઓર રીટ્રાઈવલ સર્વિસ પૂરી પાડે છે. અમારા અસીલની સેવા મેળવનાર જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ છે. શું આમ છતાં અમારા અસિલે જી.એસ.ટી. કાયદાની કલમ 24(xi) હેઠળ ફરજિયાત નોંધણી કરાવવી જરૂરી બને? – મંથન સરવૈયા,**

જવાબઃ જી.એસ.ટી. કાયદાની કલમ 24(xi) હેઠળ માત્ર ભારત બહારથી ભારતમાં સેવા પૂરી પાડતાં હોય તેવા કરદાતા માટે જ લાગુ પડે. હા, જો આપના અસીલ ભારત બહારથી ઓનલાઈન ઈન્ફોર્મેશન એન્ડ ડેટા બેઝ એક્સેસ ઓર રીટ્રાઈવલ સર્વિસ પૂરી પાડતાં હોય તો સેવા મેળવનાર જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તો જી.એસ.ટી. કાયદાની કલમ 24(xi) હેઠળ તમારા અસિલે જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત બને નહીં તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ મ્યુનિસીપાલિટી છે. તેઓને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર તરફથી અમુક કામો માટે ખાસ ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી અમો રજિસ્ટર્ડ કોન્ટ્રાકટરને કામ આપી ચુકવણી કરીએ છીએ. આ મેળવવામાં આવેલ ગ્રાન્ટ કે આ ગ્રાન્ટ પૈકી કરવામાં આવેલ ચુકવણી ઉપર અમારા અસીલ મ્યુનિસિપાલિટીની કોઈ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે? – જીજ્ઞેશ ધ્રુવ, ધોરાજી**

જવાબઃ તમારા અસીલ કે જેઓ મ્યુનિસિપાલિટી છે તેઓ દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકાર પાસેથી મેળવવામાં આવેલ ગ્રાન્ટ CGST રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭માં CGST રેઈટ નોટિફિકેશન ૩૨/૨૦૧૭, તા.૧૩.૧૦.૨૦૧૭થી ઉમેરવામાં આવેલ એન્ટ્રી 9C મુજબ કરમુક્ત બને તેવો અમારો મત છે. મ્યુનિસિપાલિટી દ્વારા ચૂકવવાની થતી રકમ ઉપર જી.એસ.ટી. હેઠળ TDSની જવાબદારી આવી શકે છે. આ માટે TDS માટેની મર્યાદાઓ જોઈ જવા વિનંતી. આ સિવાય જી.એસ.ટી. ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરને કરવામાં આવેલ પેમેન્ટ ઉપર આવે નહીં તેવો અમારો મત છે.

---

### ૨૨-નવેમ્બર ૨૦૨૧

### જી.એસ.ટી

**અમારા અસીલના GSTR 3B ભરતાં સમયે અમો તેઓની ચોપડા મુજબની ખરીદી ધ્યાને લઈ રિટર્ન ભરતાં હોયએ છીએ. GSTR 2B ધ્યાને લેતા નથી. હા અર્ધવાર્ષિક-વાર્ષિક 2A એકાઉન્ટની સાથે મેળવણી જરૂર કરીએ છીએ. હવે, જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી આ બાબતે નોટિસ આવેલ છે. આ અંગે શું જવાબ આપી શકીએ? – રૂપેશ રાવલ, સાણંદ**

જવાબઃ આ એક પ્રેક્ટિકલ પ્રશ્ન છે. આ અંગે જવાબ આપવામાં જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬ તથા વિવિધ ચૂકાદાઓનો ઉલેખ કરવો જરૂરી છે. આ બાબાતે જરૂર જણાય તો અમારી (ટેક્સ ટુડેની) વ્યાવસાયિક મદદ લઈ શકો છો.

---

**અમારા અસીલના પિતા તથા દાદા બન્ને માલિકી ધોરણે ધંધો કરે છે અને જી.એસ.ટી. નંબર ધરાવે છે. અમારા અસીલના દાદાની ઉપર થઈ હોવાના કારણે તેઓ જી.એસ.ટી. નંબર અમારા અસીલના નામે ટ્રાન્સફર કરી આપવા માંગે છે. શું આ જી.એસ.ટી. નંબર ટ્રાન્સફર કરી શકાય? સ્ટોક ટ્રાન્સફર કેવી રીતે કરી શકાય તથા તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે મેળવી શકાય? – રૂપેશ રાવલ, સાણંદ**

જવાબઃ હા, તમારા અસીલના દાદા તમારા અસીલને જી.એસ.ટી. નંબર ટ્રાન્સફર કરી આપી શકે છે. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તબદીલ કરવા માટે સૌપ્રથમ એ સુનિશ્ચિત કરવાનું રહે કે જી.એસ.ટી. નોંધણી ટ્રાન્સફર સમયે ધંધો તમામ જવાબદારીઓ સાથે નવા માલિક દ્વારા સાંભળવામાં આવ્યો હોય. જો આમ થતું હોય તો જી.એસ.ટી. કાયદાની કલમ ૧૮(૩) તથા નિયમ ૪૧ ધ્યાને લઈ ITC 02 ફોર્મ ભરી આ ક્રેડિટ ટ્રાન્સફર કરી શકાય છે.

---

**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**

**CA મોનીષ શાહ, અમદાવાદ**

**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**

**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**

**એડવોકેટ ભવ્ય પોપટ**

**અમારા અસીલ મોટર બોડી રિપેરિંગનું કામ કરે છે. તેમના ધાંધણી જગ્યાએ તેઓએ સોલર પેનલ લગાવી છે. આ સોલર પેનલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળી શકે? – રૂપેશ રાવલ, સાણંદ**

જવાબઃ હા, સોલર પેનલનો ઉપયોગ ફરધરન્સ ઓફ બિઝનેસમાં ગણાય અને આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ વર્કસ કોન્ટ્રાકટર છે. તેઓ ગુજરાતમાં જી.એસ.ટી. હેઠળ નોંધાયેલા છે. હવે તેઓને મહારાષ્ટ્રમાં વર્કસ કોન્ટ્રાક્ટ મળ્યો છે. હવે આ અસીલ અંગે અમારા નીચે મુજબના પ્રશ્નો છે.**

**શું તેઓ માટે મહારાષ્ટ્રમાં જી.એસ.ટી. નોંધણી દાખલો લેવો ફરજિયાત બનશે?**

**શું તેઓ મહારાષ્ટ્રમાં નંબર ના લે અને ગુજરાતના જી.એસ.ટી. ઉપર બિલ ટુ શીપ ટુ વ્યવહાર દ્વારા મહારાષ્ટ્રની સાઇટ ઉપર ખરીદી કરે તો ગુજરાતના જી.એસ.ટી. માં તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકે?**

**જો તેઓ મહારાષ્ટ્રમાં નંબર ના લે તો શું IGST લગાડી ઇંવોઇસ ઈસ્યું કરી શકે? – મહેશ ભેસાણીયા, એડવોકેટ, જુનાગઢ**

જવાબઃ આપના પ્રશ્નોના જવાબ અમો નીચે મુજબ આપીએ છીએ.

મહારાષ્ટ્રમાં જી.એસ.ટી. નંબર લેવો આપના અસીલ માટે ફરજિયાત નથી તેવો અમારો મત છે.

તેઓ મહારાષ્ટ્રમાં જી.એસ.ટી. નંબર ના લે તો ગુજરાતના રજીસ્ટ્રેશન ઉપર બિલ ટુ ગુજરાત શીપ ટુ મહારાષ્ટ્ર દ્વારા ખરીદી કરે તો ગુજરાતના જી.એસ.ટી. નંબરમાં માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે. પરંતુ જો સ્થાવર મિલ્કતને સલગ્ન કોન્ટ્રાક્ટ હશે તો પ્લેસ ઓફ સપ્લાય મહારાષ્ટ્ર ગણાશે અને સેવા પૂરી પાડનાર મહારાષ્ટ્રમાં CGST અને SGSTનું બિલ આપશે અને આવી સેવાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં તેવો અમારો મત છે.

હા, તમારા અસીલ IGST લગાડી આંતર રાજ્ય વર્કસ કોન્ટ્રાક્ટ અંગે ઇંવોઇસ આપી શકે છે તેવો અમારો મત છે.

---

**તા.૧-૧-૨૦૨૨થી સવાલ આપના જવાબ ટેક્ષ ટુડે એકસપર્ટના કોલમ દર સોમવારે ઓનલાઇન પ્રસિદ્ધ કરવામાં આવશે**

**અમારા અસીલ કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતા છે. તેઓ પોતાનો નોંધણી દાખલો રદ કરવા અરજી કરે છે. શું તેઓ કેપિટલ ગુડ્સ ઉપર પણ જી.એસ.ટી. ભરવા જવાબદાર બનશે? – મહેશ ભેસાણીયા, એડવોકેટ, જુનાગઢ**

જવાબઃ ના, કંપોઝીશનની પરવાનગી ધરાવતો વેપારી કેપિટલ ગુડ્સ ઉપર નોંધણી દાખલો રદ્દ કરતાં સમયે જી.એસ.ટી. કાયદાની કલમ ૨૯(૫) હેઠળ જી.એસ.ટી. ભરવા જવાબદાર ના બને તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ એક્સપોર્ટર છે. તેઓ Ocean Freight ની ચુકવણી કરે છે. હાલ આ Ocean Fright ઉપર RCM ભરવાની જવાબદારી આવે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ ના, એક્સપોર્ટ ઉપરના Ocean Freight ઉપર જી.એસ.ટી કાયદાની કલમ ૯(૩) હેઠળ ૩૦.૦૯.૨૦૨૨ સુધી RCMમાં મુક્તિ આપવામાં આવેલ હોય, RCM ભરવાની જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

---

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ સંયુક્ત નામે ખેતીની જમીન ખરીદી કરે છે. ત્યારબાદ તેઓ સંયુક્ત નામે બિનખેતી કરવી, બિન ખેતી પ્લોટ્સનું વેચાણ કરે છે. અમારો પ્રશ્ન એ છે કે આ સંજોગોમાં તેઓએ આ વ્યવહારને ધંધાકીય આવક દર્શાવવો ફરજિયાત બને કે કેપિટલ ગેઈન તરીકે પણ દર્શાવી શકે? શું બન્ને વ્યક્તિઓ માં ૫૦% ગ્રોસ રિસીપ્ટ દર્શાવી રિટર્ન ભરી શકાય? ભવિષ્યમાં આકારણીમાં AOP તરીકે આ સંયુક્ત માલિકી જમીનને ગણવામાં આવે તો ઊંચા ટેક્સ દરોનું જોખમ રહે? – મહેશ ભેસાણીયા, એડવોકેટ, જુનાગઢ**

જવાબઃ આ પ્રકારના વ્યવહારોનો હેતુ ધંધાકીય ગણાય. આ વ્યવહારો માટે ભાગીદારી પેઢી બનાવી ધંધાકીય આવક તરીકે દર્શાવવા વધુ હિતાવહ રહે તેવો અમારો મત છે. સંયુક્ત માલિકોમાં ૫૦% લેખે ગ્રોસ રિસીપ્ટ દર્શાવવાનો વિકલ્પ અમારા મતે યોગ્ય ગણાય નહીં કારણકે વેચાણ કરવામાં આવેલ મિલકત અવિભાજ્ય રીતે વેચાણ કરવામાં આવે છે આવા કિસ્સામાં અઘડ઼ તરીકે ગણાવવાનું જોખમ રહેલું છે. ઊંચા દરે ટેક્સ ના લાગે તે માટે મિલ્કતના દસ્તાવેજમાં સહમાલિકોનો ભાગ સ્પષ્ટ રીતે લખવામાં આવે તે જરૂરી છે.

---

**અમારા અસીલના પાછલા બે વર્ષના ચોપડા ઓડિટ કરાવ્યા હતા. પણ ચાલુ વર્ષે તેઓનું ટર્નઓવર ૧૫ લાખ જેવુ સામાન્ય હોય, ચોપડા ઓડિટ ના કરાવવામાં આવે અને ITR 3 ભરી આપવામાં આવે તો ચાલે? – પિયુષ લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ**

જવાબઃ આપના અસીલ દ્વારા પાછલા વર્ષોમાં તેઓનું ટર્નઓવર ૧ કરોડથી વધુ હોય અને ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 44AB હેઠળ ઓડિટ કરાવ્યુ હોય તો ત્યાર બાદના વર્ષોમાં 44ADમાં કોઈ બાધ નડે નહીં. પરંતુ એલિજીબલ એસેસી હોય અને ૮% (બેન્ક વ્યવહારના કિસ્સામાં ૬%) થી નીચે નફો બતાવવેલ હોય અને ઓડિટ કરાવેલ હોય તો ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD(4) હેઠળ તેઓ કલમ 44AD કલમનો લાભ લઈ શકે નહીં. ઓડિટ કરાવવું ફરજિયાત બને નહીં અને નોર્મલ ઇન્કમ દર્શાવી ITR 3 ભરી શકે છે તેવો અમારો મત છે.

---

### 13th December 2021

### જી.એસ.ટી.

**અમારા અસીલ ગુજરાતમાં જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વેપારી છે. તેઓ ધંધાકીય કામ માટે ભારતમાં તથા ભારત બહાર ફ્લાઇટમાં સફર કરતાં હોય છે. શું આ ફલાઇટની ટિકિટમાં લાગેલ જી.એસ.ટી.ની ઈન્પુટટેક્સ ક્રેડિટ મળી શકે? – ધર્મેશ પરમાર, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ હા, તમારા અસીલ ધંધાકીય કામો માટે ભારતમાં તથા ભારત બહાર ફ્લાઇટમાં આવતા જતાં હોય તેના ઉપર લાગેલ જી.એસ.ટી.ની ઈન્પુટટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

---

### ઈન્કમટેક્સ

**અમારા અસીલ 44AD હેઠળ એલીજીબલ એસેસી છે. શું તેઓ એલીજીબલ એસેસી હોય ઇન્કમટેક્સની કલમ 44AD હેઠળ રિટર્ન ભરવું ફરજિયાત બને? શું તેઓ રેગ્યુલર એસેસી તરીકે ITR 3 ભરી ૮%થી ઓછો નફોના દર્શાવી શકે? શું એલીજીબલ એસેસી ૮% થી ઓછો નફો દર્શાવે તો તેઓના માટે ઓડિટ કરાવવું ફરજિયાત બની જાય? – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ હા, ઇન્કમટેક્સ કાયદાની કલમ 44ADને 'સ્પેસિફિક' જોગવાઈ હોય, એલીજીબલ એસેસી માટે કલમ 44AD હેઠળ ૮% (કે૬%) નફો બતાવવો ફરજિયાત બને. જો આ નથી ઓછો નફો દર્શાવવામાં આવે તો ઓડિટ કરાવવું ફરજિયાત બને તેવો અમારો મત છે.

---

### ખાસ નોંધઃ

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપે લઇ મેઈલ પર મોકલે. કોઈપણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇમેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ડિસ્કલેમરઃ આ કોલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

**ખાસ નોંધઃ** વાંચકોની માંગને ધ્યાને રાખીને ૦૧ જાન્યુઆરી ૨૦૨૨ થી ટેક્સ ટુડેની આ સવાલ આપના જવાબ ટેક્સ ટુડે ની આ કોલમ દર સોમવારના બદલે દર શનિવારે પ્રસિદ્ધ થશે.

# Attention Govt. Contractors

ભારત સરકારના નાણાં ખાતા ધ્વારા તા.૧૮/૧૧/૨૦૨૧ ના રોજ નોટીફીકેશન ધ્વારા તા.૧/૧/૨૦૨૨ થી અમલી બને તે રીતે ગવર્મેન્ટ ઓથોરીટી તથા ગવર્મેન્ટ એન્ટીટીને જે વર્કસ કોન્ટ્રાકટ, ઈરેકશન કમિશન ઈન્સ્ટોલેશન, મેઈન્ટેનન્સ અને રીપરીંગ રીનોવેશનની સેવા વાણીજયક હેતુ સિવાયના નવા સિવીલ સ્ટ્રકચરના બાંધકામ, સ્ટાફ માટેના રહેણાંક બાંધકામ તેમજ Section 5 chapter heading 9954 ની એન્ટ્રી નંબર (iii),(vi), (ix) અને (x) માં કવર થતા કામની બધી સેવાઓ ઉપર ૧૨% ને બદલે ૧૮% GST ટેક્ષ લાગશે.

આમ, ઉપરોકત ફેરફાર માત્ર ગવર્મેન્ટ ઓથોરીટી તથા ગવર્મેન્ટ એન્ટીટીને અપાતી સેવાને અસર કરે છે. ડાયરેકટ સ્ટેટ ગવર્મેન્ટ, સેન્ટ્રલ ગવર્મેન્ટ કે લોકલ ઓથોરીટીને આપવામાં આવતી સેવાનાં દરમાં ફેરફાર થયેલ નથી.

હવે તો ગવર્મેન્ટ ઓથોરીટી કોને કહેવાય અને ગવર્મેન્ટ એન્ટીટી કોને કહેવાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧) ગવર્મેન્ટ ઓથોરીટીઃ

ગવર્મેન્ટ ઓથોરીટી એટલે એવી સંસ્થા, બોર્ડ કે અન્ય સતા મંડળ કે જેની સ્થાપના સંસદ અથવા ધારાસભા ધ્વારા કાયદો પસાર કરી કરવામાં આવી હોય અથવા સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા રાજય સરકાર ધ્વારા જેની સ્થાપના કરવામાં આવી હોય અને જેની ૯૦% કે તેથી વધારે મુડી અથવા કન્ટ્રોલ રાજય સરકાર અથવા કેન્દ્ર સરકારની હોય અથવા બંધારણના આર્ટીકલ 243W અનુસાર મ્યુનિસીપાલીટીના કાર્યો અથવા 243G અનુસાર પંચાયતનાં કાર્યો કરવા જેની સ્થાપના થઈ હોય.




(૧) ગવર્મેન્ટ એન્ટીટીઃ

ગવર્મેન્ટ એન્ટીટી એટલે એવી સંસ્થા, જેની સ્થાપના સંસદ અથવા ધારાસભા ધ્વારા કાયદો પસાર કરીને કરવામાં આવી હોય અથવા સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા રાજય સરકાર ધ્વારા જેની સ્થાપના કરવામાં આવી હોય જેની ૯૦% થી વધારે મૂડી અથવા કન્ટ્રોલ કેન્દ્ર અથવા રાજય સરકારનો હોય અને કેન્દ્ર સરકાર, યુનિયન ટેરેટરી અથવા લોકલ ઓથોરીટીના કાર્ય કરવા માટે જેની સ્થાપના કરવામાં આવી હોય તે ગવર્મેન્ટ એન્ટીટી કહેવાય.

આમ, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, એરપોર્ટ ઓથોરીટી, નેશનલ હાઈવે ઓથોરીટી,વગેરે સંસ્થાઓ ગવર્મેન્ટ એન્ટીટી અથવા ગવર્મેન્ટ ઓથોરીટી છે. પરંતુ સિંચાઈ વિભાગ, કલેકટરશ્રીની ઓફીસ, ઈન્કમટેક્ષ ઓફીસ, જી.એસ.ટી.વિભાગ, રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર છે. જયારે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલીકા, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પંચાયત લોકલ ઓથોરીટી છે.

– સબકોન્ટ્રાકટઃ

ઉકત ફેરફારને આનુસંગીક ગવર્મેન્ટ ઓથોરીટી, ગવર્મેન્ટ એન્ટીટીને સેવા આપતા મેઈન કોન્ટ્રાકટરના સબ કોન્ટ્રાકટ ઉપર પણ ૧/૧/૨૦૨૨ થી ૧૨% ને બદલે ૧૮% ટેક્ષ લાગશે.

– અર્થ વર્કવાળા વર્કસ કોન્ટ્રાકટરઃ

જે વર્કસ કોન્ટ્રાકટની વેલ્યુમાં ૭૫% રકમ અર્થવર્કની ગણાયેલી હોય તેવા વર્કસ કોન્ટ્રાકટ પણ જો ગવર્મેન્ટ એન્ટીટી અથવા ગવર્મેન્ટ ઓથોરીટી ને આપવામાં આવશે તો કરમુકત ને બદલે ૧૮% કરપાત્ર તા.૧/૧/૨૨ થી ગણાશે.

– માત્ર સર્વિસનાં કોન્ટ્રાકટઃ

પ્યોર સેવાના કોન્ટ્રાકટ જે પંચાયતના કાર્યો જે બંધારણના ખંડ 243G હેઠળ તેમજ મ્યુનિસીપાલીટીના કાર્યો 243W હેઠળ આવતા હોય અને આવા કાર્યો કરવા માટે ગવર્મેન્ટ ઓથોરીટી અથવા ગવર્મેન્ટ એન્ટીટીને માત્ર સેવાની સપ્લાય કરવામાં આવે તો તે હાલમાં કરમુકત છે. પરંતુ તા.૧/૧/૨૦૨૨ થી તે ૧૮% લેખે કરપાત્ર થશે.



**Jignesh Vyas**

**Tax Advocate, Junagadh.**

◆ Year: 6, ◆ Issue No.2, ◆ Continue Issue No.62, ◆ Date: 18/12/2021, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.